Tuesday
14.05.2024
*Volume :8 * Issue No.293
*Email.:kamalamgujarat@gmail.com
* www.kamalamgujarat.com
*Editor:Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,
*Managing Editor: Arjun Sondarva
* Office: A-3, Plot No. R- 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 * Page :04* Rs. 00.25/- * Annual Rs. 90/-

### પહેલીવખત જોવા મળ્યું છે જ્યારે કોઈ વડાપ્રધાન પટના સાહિબ ગુરુદ્વારામાં લંગર પીરસ્યું હોય

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બિહારમાં પટના ગુરુદ્વારામાં શિશ નમાવ્યું

### તખ્ત શ્રી પટના સાહિબ, જેને તખ્ત શ્રી હરમંદિર જી, પટના સાહિબ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે શીખોના પાંચ તખ્તોમાંથી એક છે





પટના,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના બે દિવસીય બિહાર પ્રવાસના બીજા દિવસે પીએમ મોદી પટના શહેરના તખ્ત શ્રી હરમંદિર સાહિબ ગુરુદ્વારા પહોંચ્યા હતા ત્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પટના સાહિબ ગુરુદ્વારામાં પાઘડી પહેરતા પણ જોવા મળ્યા હતા ત્યારબાદ પીએમ મોદીએ ગુરુદ્વારામાં માથું નમાવીને પ્રાર્થના કરી હતી. આ પછી પીએમ મોદીએ લંગર ચાલતું હતું ત્યાં પહોંચ્યા અને અહીં પ્રસાદી બનાવી હતી, આ દરમિયાન વડાપ્રધાને રોટલી પણ બનાવી હતી. તેમણે લંગરમાં લોકોને પોતાના હાથે પ્રસાદ પીરસ્યો હતો. તખ્ત શ્રી પટના સાહિબ, જેને તખ્ત શ્રી હરમંદિર જી પટના સાહિબ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે પટનામાં સ્થિત શીખોના પાંચ તખ્તોમાંથી એક છે. તખ્તનું નિર્માણ ૧૮ મી સદીમાં મહારાજા રણજીત સિંહ દ્વારા ગુરુ ગોવિંદ સિંહના જન્મસ્થળને ચિહ્નિત કરવા માટે કરવામાં આવ્યું હતું. PM એ માથા પર પાઘડી પહેરી હતી. તેઓ લગભગ ૨૦ મિનિટ સુધી ગુરુદ્વારામાં રહ્યા. રવિશંકર પ્રસાદ અને અશ્વિની ચૌબે પણ તેમની સાથે હાજર હતા. આ પહેલીવાર છે જ્યારે કોઈ PM પટના સાહિબ ગુરુદ્વારા પહોંચ્યા છે. પીએમ મોદીની સુરક્ષાને લઈને પટનામાં સુરક્ષા વ્યવસ્થા ખૂબ જ ચુસ્ત છે. આજે પણ અનેક જગ્યાએ ટ્રાફિક વ્યવસ્થામાં ફેરફાર કરવામાં આવ્યા છે. વડાપ્રધાનના આગમનને લઈને પટના શહેરના દરેક ખૂણા પર પોલીસ દળો તહેનાત કરવામાં આવ્યા છે. PM મોદી પટનાના ઈકો પાર્ક પહોંચ્યા હતા. જેને લઈને કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. PM ના કાર્યક્રમને લઈને શીખ સમુદાયના લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. તખ્ત શ્રી હરવિંદર સાહિબ ગુરુદ્વારાને દુલ્હનની જેમ શણગારવામાં આવ્યું છે. ગુરુદ્વારાની આસપાસના તમામ રસ્તાઓ અને ઘરોની યાદી બનાવવામાં આવી છે, જેના પર વહીવટીતંત્ર ખાસ નજર રહેશે. છેલ્લા બે દિવસથી આ મકાનો અને રસ્તાઓ પર ખાસ દેખરેખ રાખવામાં આવી રહી છે.

# ગુજરાતમાં ભરઉનાળામાં વરસાદી માહોલ જામ્યો



ગાંધીનગર,તા. ૧૩

ગુજરાતમાં હાલ ભરઉનાળામાં વરસાદી માહોલ જામ્યો છે. કાળઝાળ ગરમી ની વચ્ચે રાજ્યના અનેક જીલ્લામાં વાતાવરણમાં અચાનક પલટો જોવા મળી રહ્યો છે, ગુજરાતમાં આગામી ૩ દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. જેમા આજે સપ્તાહની શરૂઆતમાં જ ૨૬ જેટલા જિલ્લાઓમાં વરસાદની આગાહી કરવામાં આવી છેપત્યારે વલસાડ, ભાવનગર, સાબરકાંઠા અને અંબાજીના વાતવરણમાં પલટો આવ્યો હતો.જેમાં બંને જીલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદ આવ્યો હતો..જો કે અસહ્ય ગરમીમાં વરસાદ પડતા લોકો રહાત મળી હતી. રાજ્યના પાટનગર ગાંધીનગરમાં બપોર બાદ વાદળછાયું વાતાવરણ થઈ ગયું હતું અને ત્યાર બાદ અચાનક તોફાની પવન સાથે ઝરમર વરસાદ થયો હતો અને આકાશમાં વીજળીના ચમકારા પણ જોવા મળ્યા હતા. અમદાવાદ શહેરના વાતાવરણ માં પણ સાંજના સમયે પલટો જોવા મળ્યો હતો અનેક વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડી છે. શહેરના ગોતા, એસ.જી.હાઈવે, વૈષ્ણોદેવી, જગતપુર, પાલડી, મણિનગર અને વટવા જેવા વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો છે અને ત્યારબાદ , તો શાહીબાગ, રિવરફ્રન્ટ અને સરદારનગર સહિતના વિસ્તારોમાં ધૂળની ડમરીઓ ઉડી છે. ત્યારે શહેરના અનેક વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ પણ વરસ્યો હતો. વલસાડના કપરાડા તાલુકામાં ગાજવીજ સાથે વરસાદ પડ્યો છે. હુડા, ગિરનારા સહિતના ગામોમાં વરસાદ પડ્યો છે. કરા સાથે વરસાદથી કેરીના પાકને નુકસાનની શકયતા છે. ગિરનારા ગામમાં આવેલી આશ્રમશાળાનાં પતરા ઉડ્યા હતા. વેદાંત આશ્રમ શાળાનાં પતરાનો શેડ ઉડ્યો છે. ૧૫ જેટલા વૃક્ષો પણ ધરાશાયી અને વીજ પોલને પણ નુકસાનના સમાચાર છે. ભાવનગર વલ્લભીપુરમાં અચાનક વાતાવરણમાં પલટો આવ્યો હતો.

ગ્રામ્ય વિસ્તારોમાં ગાજવીજ સાથે વરસાદ શરૂ થતાં ખેડૂતો ચિંતિંત થયા હતા.ટાણા, જાંબાળા, બોરડી,કાજાવદર, ખરી સહિતના ગામમાં વરસાદ પડ્યો છે. વરસાદી ઝાપટું પડતા ખેડૂતો ચિંતામાં મુકાયા છે. ઝાપટું પડ્યા બાદ ફરીથી ગરમી યથાવત જોવા મળી રહી છે. સાબરકાંઠાના વિજયનગર તાલુકામાં સવારથી બફારા બાદ ધીમીધારે વરસાદ શરુ થયો છે. વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ ખાબક્યો છે. વરસાદને પગલે લોકોને ગરમીમાં રાહત મળી છે. વિજયનગરના ભાખર, જોરાવનગર , ટોલડુંગર, મોધરી, અધોખા, લાદીવાડા, જેવા ગામોમાં વરસાદથી રસ્તાઓ નીચાણવાળા વિસ્તારોમ ઉપર પાણી ભરાયા છે. રાજ્યમાં પાંચ મહિનામાં ચોથી વખત માવઠાનું સંકટ ઘેરાયું છે. ત્યારે હવામાન વિભાગે આજથી ત્રણ દિવસ દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્રમાં કમોસમી વરસાદની આગાહી કરી છે. હવામાન વિભાગની આગાહી અનુસાર દાહોદ, છોટા ઉદેપુર, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરાનગર હવેલી તો કાલે પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડની સાથે સંઘ પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલીમાં કમોસમી વરસાદ વરસી શકે છે.

# મેઘાલયમાં ભારત-ફ્રાન્સની સંયુકત લશ્કરી કવાયત શક્તિનો પ્રારંભ



ભારત-ફ્રાન્સ સંયુક્ત લશ્કરી કવાયત શકિતની ૭મી આવૃત્તિ આજે મેઘાલયમાં સંપૂર્ણ વિકસિત અને આધુનિક ફોરેન ટ્રેનિંગ નોડમાં ઉમરોઈ ખાતે શરૂ થઈ. આ કવાયત ૧૩થી ૨૬ મે ૨૦૨૪ દરમિયાન યોજાશે. સંયુક્ત કવાયતના ઉદઘાટન સમારોહમાં ભારતમાં ફ્રાન્સના રાજદૂત એચ.ઈ. થિયરી માથૌ અને જનરલ ઓફિસર કમાન્ડિંગ ૫૧ સબ એરિયાના મેજર જનરલ પ્રસન્ના સુધાકર જોશી ઉપસ્થિત રહ્યાં. વ્યાયામ શકિત એ ભારત અને ફ્રાન્સમાં વૈકલ્પિક રીતે આયોજિત દ્વિવાર્ષિક તાલીમ કાર્યક્રમ છે. છેલ્લી આવૃત્તિ નવેમ્બર ૨૦૨૧માં ફ્રાન્સમાં આયોજિ કરવામાં આવી હતી. ૯૦ કર્મચારીઓની બનેલી ભારતીય ટુકડીનું પ્રતિનિધિત્વ મુખ્યત્વે રાજપૂત રેજિમેન્ટની એક બટાલિયન કરશે. આ ઉપરાંત અન્ય શસ્ત્રો અને સેવાઓના કર્મચારીઓ પણ સાથ આપશે. ભારતીય નૌકાદળ અને ભારતીય વાયુસેનાના નિરીક્ષકો પણ આ કવાયતનો ભાગ બનશે. ૯૦ કર્મચારીઓની બનેલી ફ્રેન્ચ ટુકડીનું પ્રતિનિધિત્વ મુખ્યત્વે ૧૩મી ફોરેન લીજન હાફ-બ્રિગેડ (૧૩મી ડીબીએલઈ)ના કર્મચારીઓ દ્વારા કરવામાં આવશે. કવાયત શક્તિનો ઉદ્દેશ્ય સંયુક્ત રાષ્ટ્રના આદેશના પ્રકરણ VII હેઠળ પેટા-પરંપરાગત પરિસ્થિતિમાં બહુ-ડોમેન કામગીરી હાથ ધરવા માટે બંને પક્ષોની સંયુક્ત લશ્કરી ક્ષમતાને વધારવાનો છે. સંયુક્ત કવાયત અર્ધ-શહેરી અને પર્વતીય વિસ્તારોમાં કામગીરી પર ધ્યાન કેન્દ્રિત કરશે. સંયુકત તાલીમમાંથી હાંસલ કરવાના હેતુઓ ઉચ્ચ સ્તરની શારીરિક તંદુરસ્તી, વ્યૂહાત્મક સ્તરે કામગીરી માટે રિહર્સલ અને રિફાઈનિંગ કવાયત તેમજ શ્રેષ્ઠ પ્રેક્ટિસની વહેંચણી કરવાનું સામેલ છે.

કવાયત દરમિયાન પ્રેક્ટિસ કરવામાં આવનાર વ્યૂહાત્મક કવાયતમાં નિર્ધારિત પ્રદેશને કબજે કરવાની આતંકવાદી કાર્યવાહીનો પ્રતિસાદ, સંયુકત કમાન્ડ પોસ્ટની સ્થાપના, ગુપ્તચર અને દેખરેખ કેન્દ્રની સ્થાપના, હેલિપેડ/લેન્ડિંગ સાઈટની સુરક્ષા, નાની ટીમ દાખલ કરવી અને નિષ્કર્ષણ સહિતની કવાયત સામેલ છે. આ ઉપરાંત સ્પેશિયલ હેલિબોર્ન ઓપરેશન્સ, કોર્ડન અને સર્ચ ઓપરેશન્સ તેમજ ડ્રોન અને કાઉન્ટર ડ્રોન સિસ્ટમ્સનો ઉપયોગ પણ સામેલ છે. શક્તિ અભ્યાસ બંને પક્ષોને સંયુક્ત કામગીરી હાથ ધરવાની રણનીતિ, તકનીકો અને પ્રક્રિયાઓમાં તેમની શ્રેષ્ઠ પદ્ધતિઓ શેર કરવામાં સક્ષમ બનાવશે. આ સંયુકત કવાયત બંને દેશોના સશસ્ત્ર દળોના જવાનો વચ્ચે આંતર-સંચાલનક્ષમતા, સૌહાર્દ અને મિત્રતા વિકસાવવામાં મદદ કરશે. આનાથી સંરક્ષાણ સહયોગના સ્તરમાં પણ વધારો થશે, જે બંને મિત્ર રાષ્ટ્રો વચ્ચેના દ્વિપક્ષીય સંબંધોને વધુ ઉત્તેજન આપશે.

## તંત્રી સ્થાનોથી......

હવામાન ખાતા દ્વારા આગામી તા. ૧૬ મે, ૨૦૨૪ સુધી ગુજરાતના બનાસકાંઠા, સાંબરકાઠા, નવસારી, વલસાડ, અરવલ્લી, દાહોદ, મહિસાગર, ડાંગ, છોટાઉદેપુર, નર્મદા, તાપી, સુરત, અમરેલી, ભાવનગર, ગીર-સોમનાથ, રાજકોટ, સુરેન્દ્રનગર અને બોટાદ જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ હળવા વરસાદની આગાહી કરવામાં આવી છે. વાદળછાયા વાતાવરણ અને વરસાદને ધ્યાને લઈને ખેડૂતો દ્વારા સ્વાભાવિક રીતે પાકના રક્ષણ માટેના કેટલાક ઉચિત પગલાં લેવામાં આવતા હોય છે, તેમ છતાં ખેતી નિયામકની કચેરી દ્વારા રાજ્યના ખેડૂતોને તકેદારીનાં પગલા લેવા સંદેશો આપવામાં આવ્યો છે. વરસાદના સમયે પાકરક્ષણ માટે તકેદારીના પગલાઓ અંગે ખેતી નિયામકની કચેરી દ્વારા જણાવવામાં આવ્યું છે કે, કમોસમી વરસાદમાં થતા પાક નુકશાનથી બચવા માટે ખેડૂતોએ ખેત ઉત્પાદિત પાક અને ખેતરમાં કાપણી કરેલા પાક જો ખુલ્લામાં પડ્યા હોય તો, સૌપ્રથમ તેને તાત્કાલીક સલામત સ્થળે ખસેડી લેવા અથવા પ્લાસ્ટિક/તાડપત્રીથી યોગ્ય રીતે પાકને ઢાંકી દેવો હિતાવહ છે. આ ઉપરાંત ઢગલાની ફરતી બાજુ માટીનો પાળો બનાવી દેવો, જેથી વરસાદનું પાણી ઢગલાની નીચે જતું અટકી શકે. વધુમાં જણાવ્યા પ્રમાણે, વરસાદના સમયે પાકમાં જંતુનાશક દવાઓ અને ખાતરનો ઉપયોગ ટાળવો જોઈએ. ખાતર અને બિયારણના વિક્રેતાઓએ પણ સાવચેતીના પગલા ધ્યાને લઈ જથ્થો પલળે નહી તે મુજબ ગોડાઉન કે બંધ જગ્યામાં સુરક્ષિત રાખવો. આ ઉપરાંત APMCમાં અનાજ અને ખેતપેદાશોને વરસાદથી સુરક્ષિત રાખવા તેમજ APMCમાં વેચાણ અર્થે આવતી પેદાશો આ દિવસો દરમિયાન ટાળવી અથવા સુરક્ષિત રાખવી. આમ, APMCમાં વેપારી અને ખેડૂત મિત્રોએ કાળજી રાખી આગોતરા સાવચતીના પગલા લેવા ખેતી નિયામકની કચેરીએ અનુરોધ કર્યો છે. આ અંગે વધુ જાણકારી માટે આપના વિસ્તારના ગ્રામસેવક/વિસ્તરણ અધિકારી/તાલુકા અમલીકરણ અધિકારી/મદદનીશ ખેતી નિયામક(તા.મુ.), જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામક (તાલીમ), અથવા કિસાન કોલ સેન્ટર ટોલ ફ્રી નંબર – ૧૮૦૦૧૮૦૧૫૫૧નો સંપર્ક કરવો, તેમ વધુમાં જણાવાયું છે.

# અમદાવાદ સહિત રાજ્યના અલગ અલગ જીલાઓમાં સાંજેએક કલાક સુધી વંટોળ, ગાજવીજબાદ વરસાદ



અમદાવાદ, તા. ૧૩

ભારે ઉકળાટ બાદ સાંજે વરસાદ પડતા રાજ્યના લોકોને ગરમીમાંથી રાહત મળી હતી. અમદાવાદમાં આજે સાંજે એક કલાક સુધી વંટોળ અને ગાજવીજ બાદ વરસાદ પડ્યો હતો. આખો દિવસ ભારે ઉકળાટ બાદ સાંજે ભારે પવન સાથે વરસાદ પડ્યો હતો. જેને કારણ ભરઉનાળે ચોમાસા જેવો માહોલ જોવા મળ્યો હતો. અમદાવાદના ગોતા, વૈષ્ણોદેવી, સાયન્સ સિટી, ન્યૂ રાણીપ, આશ્રમ રોડ, સીજી રોડ અને નારણપુરા, મણિનગર, નિકોલ. વટવા, નારોલ સહિતના વિસ્તારોમાં ભારે પવન ફૂંકાયો છે અને ભારે પવનના કારણે રોડ પર વિઝિબિલિટી ડાઉન થઈ હતી. ભારે પવન સાથે ધૂળ ઉડતા વિઝિબિલિટી ઘટી જતા સાજે ઓફિસેથી ઘરે જતા લોકોને મુશ્કેલી નડી હતી. ખાસ કરીને વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. ભારે પવન બાદ સાંજે અમદાવાદના અનેક વિસ્તારોમાં વરસાદ પડ્યો હતો. અમદાવાદ નજીકના બોપલ ઘુમા અને આંબલીમાં પણ ગાજવીજ સાથે વરસાદ પડ્યો હતો. વાવાઝોડા અનેવરસાદને કારણે અમદાવાદના અનેક વિસ્તારમાં ઝાડ પડવાના અને શોટસર્કિટના બનાવો બન્યા હતા. ફાયરબ્રિગેડના જણાવ્યા મુજબ નવરંગપુરામાં ઝાડ પડવાના બે બનાવ બન્યા હતા. તે સિવાય ગોમતીપુર અને શાહપુરમાં પણ ઝાડ પડવાના બનાવો બન્યા હતા જોકે તેમાં કોઈ જાનહાની થી ન હતી. તે સિવાય ચાંદખેડા, ન્યુ મણીનગર અને બોપલ વિસ્તારમાં શોટસર્કિટના બનાવો બન્યા હોવાનું ફાયર સૂત્રોએ જણાવ્યું હતું.

બોટાદ જિલ્લામાં વાતાવરણમાં પલટો આવ્યો છે. બરવાળા તેમજ બોટાદ તાલુકામાં વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગની આગાહી મુજબ બોટાદ જિલ્લામાં બપોર બાદ વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ભારે પવન અને ધૂળની ડમરી વચ્ચે બોટાદ શહેરના મુખ્ય માર્ગો પર વરસાદ પડ્યો છે. બોટાદ શહેરના પાળીયાદ રોડ, સ્ટેશન રોડ, ગઢડા રોડ, ભાવનગર રોડ તમામ વિસ્તારમાં પવન સાથે કમોસમી વરસાદ વરસ્યો છે. દાહોદ જિલ્લાના વાતાવરણમાં પલટો આવ્યો છે. દાહોદ શહેરમાં કાળા ડીબાંગ વાદળો સાથે વાવાઝોડું જોવા મળ્યું હતું. દાહોદ શહેર ભારે પવન સાથે વાવઝોડું જોવા મળ્યું, મીરાખેડી ખાતે બરફના કરા પડ્યા હતા. છાપરી કતવારા, રામપુરા સહિત આસપાસના વિસ્તારમાં વરસાદ વરસ્યો છે. આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં છૂટો છવાયો વરસાદ વરસ્યો છે. નર્મદા જિલ્લામાં વાતાવરણમાં પલટો આવ્યો છે. બપોર બાદ કાળા ડિબાંગ વાદળો વચ્ચે વરસાદ વરસ્યો છે. ભારે પવન સાથે વરસાદ પડતાં અનેક ઝાડ તૂટી પડ્યા હતા. ડેડીયાપાડા, સાગબારા અને રાજપીપળા શહેરમાં કાચા મકાનોના પતરા ઉડ્યા હતા. આદિવાસી વિસ્તારોમાં ભારે નુકસાન થયું છે. કેરીના પાકને મોટાપાયે નુકસાન થયું છે. રાજપીપળા શેહરમા વીજ પુરવઠો ખોરવાયો છે. મહીસાગર જિલ્લાના બાલાસિનોર શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં ધોધમાર કમોસમી વરસાદ વરસ્યો છે. બાલાસિનોર શહેરમાં ભારે પવન સાથે વરસાદ વરસતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. અસહ્ય ગરમી અને ઉકળાટ બાદ સાંજના સમયે બાલાસિનોર શહેરમાં ધોધમાર કમોસમી વરસાદ વરસ્યો છે. ખેડૂતોના પાકને નુકસાનની ભીતિ છે. અમરેલી પંથકમાં વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યો છે. અમરેલી શહેર સહીત આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભારે પવન સાથે વરસાદ વરસ્યો છે. અમરેલી શહેરમા ભારે પવન ફૂકાતા ધુળની ડમરીઓ ઉડી હતી. અમરેલી નજીક આવેલા વરસડા ગામમાં મીની વાવાઝોડુ ફુંકાયુ હતું. વરસડા ગામમાં કરા સાથે વરસાદ વરસ્યો છે. લાઠી તાલુકાના મતિરાલા ગામમાં પણ ભારે પવન અને કરા સાથે વરસાદ વરસ્યો છે. હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યના અનેક જિલ્લાઓમાં વરસાદ વરસી રહ્યો છે. ભારે પવન અને કરા સાથે વરસાદ વરસી રહ્યો છે. આ વરસાદના કારણે ખેડૂતો પણ ચિંતામાં મૂકાઈ ગયા છે. સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરાઈ હતી.

# પીડિત ખેડૂતના પરિવારને પ્રેસ કલબના પત્રકાર મિત્રોએ આર્થિક મદદ કરી




વાંસદા. તા. ૧૩

વાંસદા તાલુકાના ઉનાઈ નજીક આવેલ બારતાડ ગામે ખેડૂત ના પરિવારના ઘરમાં આગ લાગતા ઘરવખરી, બે બકરી બળી ને ખાક થઈ ગઈ હતી . ઘર માલિક પણ દાઝી ગયા હતા ઘરનું સંપૂર્ણ નુકશાન થયું હતું જે નજરે પડતાં વાંસદા તાલુકાના પ્રેસ કલબના પત્રકાર મિત્રોએ આર્થિક મદદ કરવાનું નક્કી કર્યું હતું .આ સહકાર અને સહયોગથી આર્થિક મદદ કરી શક્યા છે . પીડિત ખેડૂત ના પરિવાર ને સામાજિક યુવા કાર્યકર હિરેનભાઈ ભથવારે પત્રકારોને મદદ નો ટેકો આપ્યો છે . ઘણા લોકો પીડિત ખેડૂતના પરિવાર ના મદદે આવ્યા હતા

# આર્થિક સંકટનો સામનો કરી રહેલા અફઘાનિસ્તાનમાં ભારે વરસાદ બાદ પૂર્ણ કારણે સ્થિતિ વણસી

કાબુલ,તા. ૧૩



છેલ્લા ઘણા સમયથી આર્થિક સંકટનો સામનો કરી રહેલા અફઘાનિસ્તાન વધુ એક મુશ્કેલીમાં થી પસાર થઈ રહ્યું છે, અફઘાનિસ્તાનમાં વરસાદના કારણે અચાનક આવેલા પૂરથી ગામડાઓ તબાહ થયા છે, અત્યાર સુધીમાં ૨૦૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. ભારે વરસાદ બાદ પૂરના પાણીએ એટલો બધો વિનાશ કર્યો છે કે ગામડાઓ અને શહેરોમાં ખેતરો, રસ્તાઓ, મકાનો ધોવાઈ ગયા છે અને પાક નાશ પામ્યો છે. અફઘાનિસ્તાનના બદખ્શાન, ઘોર, બગલાન અને હેરાત જેવા વિસ્તારો પૂરથી સૌથી વધુ પ્રભાવિત થયા છે. સૂત્રો એ જણાવ્યા મુજબ પૂરમાં અત્યાર સુધીમાં ૩૦૦થી વધુ લોકોના જીવગયાછે. ઘણી આંતરરાષ્ટ્રીય રાહત એજન્સીઓ અને સેવાકીય ગ્રુપો અસરગ્રસ્ત વિસ્તારોમાં દવાઓ, ખોરાક, સલામતી અને ઈમરજન્સી કીટ વગેરે જેવી રાહત સામગ્રી પહોંચાડી રહ્યા છે. પુરના કારણે બાગલાન વિસ્તારના પાંચ જિલ્લાઓ ખરાબ રીતે પ્રભાવિત થયા છે. અચાનક પૂરના કારણે ગામડાઓ તબાહ થયા છે, ઘરોમાં પાણી ભરાઈ ગયા છે અને પશુઓ મોતને ભેટ્યા છે. ભારે વરસાદ અને ત્યાર બાદ પૂરમાં એક હજારથી વધુ ઘરો, હજારો હેક્ટર ખેતીની જમીનને નુકશાન થયું છે. ઘણા પૂરગ્રસ્ત વિસ્તારોમાં મદદ માટે ટ્રકો પહોંચવી મુશ્કેલ બની ગઈ છે. ઓર્ગેનાઈઝેશન ઓફ ઈસ્લામિક કોઓપરેશને સભ્ય દેશો અને વિશ્વના અન્ય દેશોને અફઘાનિસ્તાનમાં પૂરથી અસરગ્રસ્તોને તાત્કાલિક મદદ કરવા વિનંતી કરી છે. આ સિવાય અફઘાનિસ્તાનના પૂર્વ રાષ્ટ્રપતિ હામિદ કરઝાઈએ પણ અચાનક પૂરથી પ્રભાવિત પીડિતો માટે માનવીય સહાયની માંગ કરી છે.

# સુરત ક્રાઈમ બ્રાન્ચે મૌલવીના કેસમાં વધુ એક આરોપીને બિહારથી પકડી પડ્યો

સુરત,તા. ૧૩

હિન્દુ નેતાઓની હત્યાનાં ષડયંત્રમાં ઝડપાયેલા મૌલવીની ધરપરકડ મામલે સુરત ક્રાઈમ બ્રાન્ચે વધુ એક આરોપીની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીની નેપાળ બોર્ડર પાસે આવેલા બિહારનાં મુઝફરપુરથી ધરપકડ કરી છે. આરોપી શહેનાઝ ઉર્ફે મોહમ્મદ અલી મોહમ્મદ સાબીરની ધરપકડ કરી છે. ક્રાઈમ બ્રાન્ચની ટીમ આરોપીને લઈ સુરત એરપોર્ટ પહોંચી હતી. તેમજ એરપોર્ટથી આરોપીને ક્રાઈમ બ્રાન્ચ કચેરી લવાયો હતો. ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આરોપીને કોર્ટમાં રજૂ કરી રિમાન્ડ માંગવાની તજવીજ હાથ ધરી હતી. ત્યારે આરોપીની પૂછપરછમાં મોટા ખુલાસા થઈ શકે છે. આરોપીએ મૌલવીનો સંપર્ક પાકિસ્તાનનાં ડોગર જોડે કરાવ્યો હતો. આરોપીને સુરત કોર્ટમાં રજૂ કરી ક્રાઈમ બ્રાન્ચ રિમાન્ડ મેળવશે. રિમાન્ડ દરમ્યાન મોટા માથાઓના નામ સામે આવે તેવી શકયા છે. આ સમગ્ર મામલે ક્રાઈમ બ્રાન્ચનાં ડીસીપી બી.પી.રોઝીયાએ જણાવ્યું હતું કે, મૌલવી મહંમદ સાહિલ અબુબકર દ્વારા અવાર નવાર ઉપદેશ રાણા, નૂપુર શર્માને તેમજ હૈદરાબાદનાં રાજાસિંહને ધમકીઓ આપવામાં આવતી હતી. જે બાદ મૌલવીની અટકાયત કરવામાં આવી છે. તેમજ મૌલવી દ્વારા જે લોકો સાથે ફોન પર વાતચીત કરવામાં આવી હતી. તે તમામ લોકોનો સંપર્ક કરવામાં આવ્યો છે. જેમાં બિહારનાં મુઝફ્ફરપુરનાં રહેવાસી મહંમદ સાબીર તે નંબરનો ઉપયોગ કરતો હતો. જેની ધરપકડ કરી ટ્રાન્ઝિસ્ટ રિમાન્ડથી પૂછપરછ માટે લાવવામાં આવ્યો છે.




# પાળિયાદ ઠાકરની બોટાદમાં ભવ્ય પધરામણી અને દિવ્ય શોભાયાત્રા




સૌરાષ્ટ્રની દેહાણ પરંપરાની જગ વિખ્યાત પરમ પૂજ્ય શ્રી વિસામણબાપુની જગ્યા વિહળધામ પાળીયાદના મહંત શ્રી શ્રી ૧૦૦૮ મહામંડલેશ્વરશ્રી નિર્મળાબા ઉનડબાપુની પધરામણી બોટાદના આંગણે તા.૧૨/૫/૨૦૨૪ થી ૨૧/૫/૨૦૨૪ સુધી વિહળ પરીવાર સેવક સમુદાયના ઘેર ઘેર પૂજ્ય બા શ્રી પગલાં કરશે અને રૂડા આશિર્વાદ આપશે. આ અનુસંધાને આજ રોજ તા.૧૨/૫/૨૦૨૪ ના રોજ પૂજ્ય બા શ્રી , પૂજ્ય શ્રી ભયલુબાપુ , પૂજ્ય બાળઠાકર શ્રી પૃથ્વીરાજબાપુ , પૂજ્ય શ્રી ગાયત્રીબા , પૂજ્ય શ્રી દિયાબા સહિત ઠાકર પરીવારની પધરામણી થયેલ ત્યારે બોટાદના પંજવાણી ના કાંટા પાસેથી ભવ્ય અને દીવ્ય સ્વાગત કરવામાં આવ્યું અને સમગ્ર બોટાદ મધ્યેથી ગઢડા રોડ ખાતેના મહાદેવ પાર્ટી પ્લોટ સુધી ખૂબ મોટી ભવ્ય ,દિવ્ય અને ઐતિહાસિક શોભાયાત્રા નીકળી જેમાં શણગાર સાથે હાથી, ઘોડા, ઊંટ જોવા મળ્યા તેમજ પાળીયાદના ઠાકરની પ્રતિકૃતિઓ વાળા શણગારેલ ટેકટર જોવા મળ્યા , બાળકો માટે રમકડાંની ટ્રેન તેમજ રાસ મંડળીઓ બેન્ડ વાજા ડી.જે. તેમજ બુલેટ બાઈક સહિત ફોર વ્હીલ ગાડીઓ સહિત હજારો સેવક સમુદાય તેમજ નગરજનો સહિત મોટા કાફલા સાથે અતિ ભવ્ય દીવ્ય શોભાયમાન શોભાયાત્રા જોવા મળી…ઠાકરની શોભાયાત્રાની દિવ્યતાથી અઢારેય વર્ણમાં આનંદની લાગણી ફેલાઈ ગઈ.... સમગ્ર બોટાદ વિહળાનાથ મય બની ગયું. મહાદેવ ફાર્મ ખાતે સહુ સેવકોને પૂજ્ય બા શ્રી તેમજ પૂજ્ય શ્રી ભયલુબાપુ તેમજ ઉપસ્થિત સંતો દ્વારા આશીર્વચન પાઠવવામા આવેલ અને ત્યારબાદ સહુ સાથે મળી ભોજન પ્રસાદ લીધેલ હતો. પધરામણી કાર્યક્રમ અંતર્ગત તા.૧૪/૫ , ૧૬/૫ , ૧૮/૫ તેમજ ૨૧/૫ ના રોજ રાત્રી લોક ડાયરો પણ સુપ્રસિદ્ધ ગુજરાતી કલાકારોનો રાખેલ છે.

# શાહિદ બેહેશ્તી પોર્ટ ટર્મિનલ, ચાબહારના વિકાસ માટે લાંબા ગાળાના મુખ્ય કરાર પર ઈન્ડિયા પોર્ટ ગ્લોબલ લિમિટેડ (IPGL) અને ઈરાનના પોર્ટ્સ એન્ડ મેરીટાઇમ ઓર્ગેનાઈઝેશન (PMO) વચ્ચે હસ્તાક્ષર થયા





કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગો અને આયુષમંત્રી શ્રી સર્બાનંદ સોનોવાલે ૧૩ મે ૨૦૨૪ના રોજ ચાબહાર, ચાબહારના શાહિદ બેહેશ્તી પોર્ટ ટર્મિનલના વિકાસ માટે લાંબા ગાળાના મુખ્ય કરાર પર હસ્તાક્ષર સમારોહના સાક્ષી બનવા માટે મુલાકાત લીધી હતી. ઈન્ડિયા પોર્ટ ગ્લોબલ લિમિટેડ (IPGL) અને ઈરાનના પોર્ટ્સ એન્ડ મેરીટાઈમ ઓર્ગેનાઈઝેશન (PMO) વચ્ચે કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય મંત્રીએ તેમના સમકક્ષ ઈરાનના માર્ગ અને શહેરી વિકાસ મંત્રી મહામહિમ મેહરદાદ બઝરપાશ સાથે ફળદાયી દ્વિપક્ષીય બેઠક યોજી હતી.. મંત્રીઓએ કનેક્ટિવિટી પહેલમાં દ્વિપક્ષીય સહયોગને વધુ મજબૂત કરવા અને ચાબહાર પોર્ટને પ્રાદેશિક કનેક્ટિવિટી હબ બનાવવા માટે તેમના નેતાઓના સમાન વિઝનને યાદ કર્યું. મંત્રી સ્તરની મુલાકાત અને લાંબા ગાળાના કરાર પર હસ્તાક્ષર બંને રાષ્ટ્રો વચ્ચેના સંબંધોને વધુ મજબૂત કરશે અને અફઘાનિસ્તાન અને વ્યાપક મધ્ય એશિયાના દેશો સાથેના વેપાર માટેના પ્રવેશદ્વાર તરીકે ચાબહારના મહત્વને પ્રકાશિત કરશે. ચાબહાર પોર્ટ પ્રોજેક્ટનો વિકાસ એ ભારત-ઈરાનનો મુખ્ય પ્રોજેક્ટ છે.

# ચારધામ યાત્રા શરૂ થતાં જ ગંગોત્રી અને યમુનોત્રી હાઈવે પર ટ્રાફિક જામ

બદ્રીનાથ,તા. ૧૩

ચારધામ યાત્રા શરૂ થતાં જ ગંગોત્રી અને યમુનોત્રી હાઈવે પર ટ્રાફિક જામની સમસ્યા ગંભીર બની રહી છે. યાત્રાના ત્રીજા દિવસે રવિવારે યમુનોત્રી હાઈવે પર અવાર-નવાર જામ જોવા મળ્યો હતો. અહી ગંગોત્રી હાઈવે પર સુક્કીના સાત વળાંક પર વાહનોની કતારો લાગી હતી જેના કારણે ધામના દર્શન કરવા આવતા યાત્રિકો કલાકો સુધી ટ્રાફિક જામમાં અટવાયા હતા. ચારધામ યાત્રામાં ૨૩ લાખથી વધુ લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું છે, તેથી જબરદસ્ત ધસારો જારી છે. હજી પણ રજિસ્ટ્રેશન બંધ થયું નથી. તેથી હજી પણ ધસારો રહેવાનો છે.યમુનોત્રી સોમવારે ચારધામના પ્રથમ મોટા સ્ટોપ યમુનોત્રી સહિત યમુના ખીણમાં આહલાદક વાતાવરણ છે. જાનકીચટ્ટી થી યમુનોત્રી પદયાત્રાના માર્ગ પર સવારના ૩ વાગ્યાથી જ ભકતોની ભીડ માતા યમુનાની સ્તુતિ ગાતી હતી. જિલ્લામાં આવેલા ગંગોત્રી અને યમુનોત્રી ધામોના ઉદ્ઘાટનને લઈને ધામોના દર્શન કરવા અને પૂજા કરવા આવતા



યાત્રિકોની ભારે ભીડને કારણે ગંગોત્રી અને યમુનોત્રી હાઈવે પર જામની સ્થિતિ સર્જાઈ છે. જ્યારે યમુનોત્રી હાઈવેના પ્રથમ દિવસે પાલીગઢથી જાનકીચટ્ટી સુધી જામ રહ્યો હતો, જ્યારે બીજા દિવસે શનિવારે સવારે ૪ વાગ્યાથી સાડા ચાર કલાક સુધી રાણાચટ્ટી, લેન્ડસ્લાઈડ ઝોન ઓજરી ડાબરકોટ, પાલીગઢ વચ્ચે હાઈવે પર જામ રહ્યો હતો. બારકોટથી રાડી ટોપ સુધી દિવસભર વાહનોની અવરજવર રહી હતી. રવિવારે ત્રીજા દિવસે મધરાતથી દુબતા, ગંગનાની, ખરાડી, કુથનૌર, પાલીગઢમાં વાહનો ફસાયેલા રહ્યા હતા. દરમિયાનરણચટ્ટી,હનુમાનચટ્ટી અનેફૂલચટ્ટી વિસ્તારમાં અવાર-નવાર ટ્રાફિક જામ થયો હતો. ગંગોત્રી હાઈવે પર સુક્કીના સાત વળાંક પર બપોરે લગભગ ૨.૩૦ વાગ્યે જામ થઈ ગયો હતો, તેના કારણે યાત્રિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. બાદમાં, પોલીસે ગંગનાની અને સોનગઢથી વાહનોની ગેટ સિસ્ટમ દ્વારા અવરજવરનો મંજૂરી આપી હતી અને પોણો કલાક પછી જામ સાફ કર્યો હતો.

# વડોદરાની એસ.એસ.જી. હોસ્પિટલમાં ઉજવાયો નર્સીસ ડે

## નર્સિંગ સ્ટાફને ખ્યાતિ અપાવવા નર્સિંગ કાઉન્સિલ અને એસોસિએશન હંમેશા ખડેપગેઃ એસો.ના સચિવશ્રી ઈકબાલ કડીવાલા

તા. ૧૨ મે ને આંતરરાષ્ટ્રીય નર્સ ડે તરીકે ઉજવવામાં આવે છે. જેના ભાગરૂપે વડોદરાની નર્સિંગ કોલેજ, એસએસજી હોસ્પિટલ, ટ્રેઈન્ડ નર્સિંગ એસોસિએશન ઓફ ઈન્ડિયા, વડોદરાના ઉપક્રમે એસએસજી હોસ્પિટલમાં આજે નર્સિંગ ડે-૨૦૨૪ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આપણા ભારતીય સમાજમાં ડોકટરની સાથે અને ડોક્ટરની આગળ ખડેપગે કામ કરનારા નર્સિંગ સ્ટાફની કામગીરી એક યોદ્ધાથી ઓછી નથી, માટે નર્સિંગ સ્ટાફનું સન્માન થવું જોઈએ અને તેમને યોગ્ય ઓળખ મળવી જોઈએ જેના માટે આ નર્સિંગ ડેની ઉજવણી કરવામાં આવે છે. આ સમારંભમાં નર્સિંગ કાઉન્સિલના રજીસ્ટ્રાર ડો.પ્રજ્ઞાબેન ડાભી મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. તેમણે જણાવ્યું હતુ કે હેલ્થ સેક્ટરમાં સૌથી અગત્યનું કોઈ પાસું હોય તો એ નર્સિંગ સ્ટાફ છે, નર્સિંગની બહેનો અને ભાઈઓ ખુબ કપરું અને વિષમ પરિસ્થિતિમાં કામ કરે છે, આમ કહીને તેમણે સૌ કોઈ નર્સિંગ સ્ટાફને પ્રણામ કર્યા હતા. નર્સિંગ સ્ટાફને અન્ય વ્યવસાય કરતા પગારની સાથે લોકોની સેવા કરવાનો મોકો મળે છે અને સમાજના જરૂરિયાતમંદ લોકોના આશીર્વાદ મળે છે આ એક સૌથી ઉમદા વ્યવસાય છે, આ ઉપરાંત ડો. રંજન અયર, મેડીકલ સુપ્રીટેન્ડન્ટએ જણાવ્યું હતું કે નર્સિંગ સ્ટાફ પોતાના વ્યવસાયને સમર્પિત હોય છે, ડો.આઈ.એ



કડીવાલા, ટી.એન.એ.આઈ સેક્રેટરીએ જણાવ્યું હતુકે લોકોની સેવા કરીને દર્દીનારાયણને સમર્પિત થનારો વર્ગ એટલે નર્સિંગ સ્ટાફ. આ નર્સિંગ ડે સેલિબ્રેશનનું થીમ અવર નર્સીસ અવર ફ્યુચર રાખવામાં આવ્યું હતું. જેના અનુસંધાને એસએસજી હોસ્પિટલના હોલમાં અંગ દાન જાગૃતિ માટે એક પ્રદર્શન યોજવામાં આવ્યું હતું, તેમજ અંગ દાનની મહત્તા માટે પ્લેકાર્ડ લઈ હોસ્પિટલના પ્રાંગણમાં રેલી કાઢવામાં આવી હતી. આ સમારંભમાં એસએસજી હોસ્પિટલના અધિકારીઓ, ડો.પ્રજ્ઞા ડાભી, ડો.રંજન અયર, નર્સિંગ કોલેજના પ્રિન્સીપાલ પ્રો.ભારતીબેન, દીપકમલ વ્યાસ, ડો.હલિયા, ચીફ મેટ્રન, એસએસજી હોસ્પિટલના સીનીયર નર્સ તેમજ અન્ય મહાનુભાવો હાજર રહ્યા હતા. સમગ્ર પ્રોગ્રામનું સંચાલન અને આયોજન એમ.એસસી નર્સિંગના વિદ્યાર્થીઓએ કર્યું હતું. કાર્યક્રમના અંતે કેક કાપી પ્રદર્શનને ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

# જિલ્લા કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને પ્રિ-મોન્સુન પ્રિપ્રેર્ડનેસ અંતર્ગત બેઠક યોજાઇ

## કલેકટરશ્રીએ જિલ્લાના અધિકારીશ્રીઓને પ્રિ-મોન્સુન અંતર્ગત કામગીરી કરવા માર્ગદર્શિત કર્યા

સોમનાથ

જિલ્લા કલેકટર શ્રી દિગ્વિજયસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરીના સંકલન હોલ, ઈણાજ ખાતે ચોમાસા પહેલાની આગોતરી તૈયીરીઓ અંગેની બેઠક યોજાઇ હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ પ્રિ-મોન્સુનની તૈયારીઓ માટે ગ્રામ્ય અને નગર ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અપડેટ કરવાં,તરવૈયા અને રેસ્ક્યુ ટીમો તૈયાર કરવાં, પૂરના કારણે સ્થળાંતર કરી શકાય તેવાં વિસ્તારો ચકાસી લેવાં જણાવ્યું હતું. તેમજ પાણી ભરાવાના પ્રશ્નો ન રહે અને વોકળા,ગટરની સાફ-સફાઈ સમયસર થઈ જાય અને જર્જરીત પુલો,કોઝવે સહિતનું સમારકામ કરીને તે માટે તકેદારીના તમામ પગલાં ભરવા સંબંધિત અધિકારીઓને વહેલી તકે કાર્ય કરીને રિપોર્ટ કરવા સૂચના આપી હતી. તદુપરાંત, કલેકટરશ્રીએ જિલ્લામાં જ્યાં- જ્યાં જર્જરિત મકાનો હોય તો તેવા મકાનોની ખાતરી કરી આવા જર્જરિત મકાનો ઉતારી લેવામાં આવે તે માટેની કાર્યવાહી કરવા જણાવ્યું હતું.

કલેક્ટરશ્રીએ રોગચાળો ન ફેલાય તે માટે સ્વાસ્થ્ય સબંધિત તાકિદના પગલાં માટે મેડિકલ ટીમો સાથે દવાઓનો પૂરતો જથ્થો ઉપલબ્ધ રાખવાં પણ સૂચના આપી હતી. તેમજ આશ્રયસ્થાનો માટે ઉપયોગમાં લેવાની શાળાઓના મકાનની ચકાસણી કરવા સાથે ચોમાસાના સમયગાળા દરમ્યાન સંભવિત આપત્તિને પહોંચી વળવા માટે અધિકારીશ્રીઓ માર્ગદર્શિત કર્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી શ્રી સ્નેહલ ભાપકરે પીજીવીસીએલ દ્વારા આપત્તિના સમયે ઈમરજન્સી સેવાઓ માટે તાલુકાના લાયઝન સંભાળતા અધિકારીશ્રીઓ સાથે સંકલનમાં



રહીને વીજ પુરવઠાની સ્થિતિ સામાન્ય રહે તે માટે ઉપસ્થિત અધિકારીઓને માર્ગદર્શિત કર્યા હતા.તેમજ રોડ રસ્તાઓ અવિરત ચાલુ રહે તે માટેની વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા અધિકારીશ્રીઓ સૂચના આપી હતી. જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ નીચાણવાળા વિસ્તારોના ઝૂંપડાઓમાં વસતા નાગરિકોને ભારે વરસાદ કે પૂરની સ્થિતિમાં સમયસર ચેતવણી મળે તે માટેની વ્યવસ્થાઓ ગોઠવવા અને સગર્ભા મહિલાઓનો સર્વે કરીને આપત્તિના સમયે સલામત સ્થળે ખસેડવા વ્યવસ્થાઓ કરવા સૂચના આપી હતી. અધિક નિવાસી કલેકટર શ્રી રાજેશ આલે જિલ્લામાં દરેક વિભાગો દ્વારા કરવામાં આવતી કામગીરી તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન અંગેની માહિતી આપી આ તમામ માહિતી અપડેટ કરવા જણાવ્યું હતું.અને જિલ્લા-તાલુકા મથકોએ કંટ્રોલ રૂમ સતત કાર્યરત રહે તે જોવાનું જણાવી બચાવ-રાહત કામગીરીના તમામ સાધનો ચાલુ હાલતમાં છે કે કેમ તેની યોગ્ય ચકાસણી કરાવી લેવા પણ જણાવ્યું હતું. આ બેઠકમાં એસીએફ શ્રી વિકાસ યાદવ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી દર્શનાબેન ભગલાણી,આર એન્ડ બીના કાર્યપાલક ઈજનેર શ્રી સુનિલભાઈ મકવાણા,જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.અરુણ રોય સહિતના વિવિધ વિભાગના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# શ્રીનગર પીસીમાં રાત્રે ૮ વાગ્યે ૩૬.૫૮ ટકા મતદાન નોંધાયું છે, જે ઘણા દાયકાઓમાં સૌથી વધુ છે.








## ચદૂરા, ચાહ-એ-શરીફ, ગંદેરબાલ, કંગન, ખાનસાહિબ અને શોપિયાં વિધાનસભા ક્ષેત્રમાં ૪૫ ટકાથી વધુ મતદાન નોંધાયું હતું.

કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં ૧૮મી લોકસભાની સામાન્ય ચૂંટણી માટે આજે ચોથા તબક્કાનું મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થયું હતું, જેમાં શ્રીનગર, ગંદેરબાલ, પુલવામા અને બડગામ અને શોપિયાં જિલ્લાઓમાં આંશિક રીતે રાત્રે ૮ વાગ્યા સુધીમાં ૩૬.૫૮ ટકા મતદાન થયું હતું. શ્રીનગર સંસદીય ક્ષેત્રના ૨,૧૩૫ મતદાન મથકો પર મતદાન થયું હતું, જેમાં તમામ મતદાન મથકો પર લાઈવ વેબકાસ્ટિંગ કરવામાં આવ્યું હતું. પીસીમાં સવારે ૭ વાગ્યે મતદાન શરૂ થયું હતું, જેમાં ઉત્સાહી મતદારો મતદાન કરવા માટે રાહ જોઈ રહ્યા હતા તેમની લાંબી કતારો લાગી હતી. શ્રીનગર, બડગામ, ગંદેરબાલ, પુલવામા અને શોપિયાંના મતદારો ચૂંટણી પ્રક્રિયામાં વિશ્વાસ અને ઉત્સાહના પ્રદર્શનમાં પોતાનો મત આપવા માટે રેકોર્ડ સંખ્યામાં બતાવ્યા. આ પ્રથમ જનરલ હતો ચૂંટણી કલમ ૩૭૦ નાબૂદ થયા પછી અને જમ્મુ-કાશ્મીર પુનર્ગઠન અધિનિયમ, ૨૦૧૯ લાગુ થયા પછી ખીણમાં. ૨૦૧૯ની સામાન્ય ચૂંટણીમાં ૧૨ની તુલનામાં ૨૪ ઉમેદવારો મેદાનમાં છે. સુરક્ષા કર્મચારીઓ સહિત મતદાન કર્મચારીઓએ શાંતિનું વાતાવરણ રહે તે માટે અથાક મહેનત કરી, મતદાન મથકો પર શાંતિ અને ઉત્સવોના માહોલમાં મતદારોને આવકાર્યા હતા. ૧૭.૪૭ લાખથી વધુ મજબૂત મતદારોને પહોંચી વળવા માટે ૮,૦૦૦થી વધુ પોલિંગ સ્ટાફ ફરજ પર હતા. ૧૬ વાગ્યાથી શ્રીનગર તેમજ જમ્મુમાં કમાન્ડ-એન્ડ-કન્ટ્રોલ સેન્ટર્સ ૨૪૮૭ કામ કરી રહ્યા છે.થ માર્ચની, સામાન્ય ચૂંટણીઓ ૨૦૨૪ ની જાહેરાત ની તારીખ, મુક્ત, નિષ્પક્ષ અને પ્રલોભન મુક્ત ચૂંટણીઓ સુનિશ્ચિત કરવા માટે. દરેક મતદાન મથક પર પાણી, વીજળી, શૌચાલય, રેમ્પ, વરંડા/વેઈટિંગ રૂમ વગેરેની મૂળભૂત લઘુત્તમ સુવિધાઓસી. બનાવવામાં આવ્યા હતા. જ્યારે જરૂર પડે ત્યારે વ્હીલચેર અને સ્વયંસેવકો પૂરા પાડવામાં આવ્યા હતા. સર્વસમાવેશક મતદાન સુનિશ્ચિત કરવા માટે, મહિલાઓ, ખાસ કરીને સક્ષમ વ્યક્તિઓ અને યુવાનો દ્વારા સંચાલિત મતદાન મથકો સ્થાપવામાં આવ્યા હતા. અહીં ૨૧ ગ્રીન અને ઈકો ફ્રેન્ડલી મતદાનમથકો હતા. ૬૦૦થી વધુ પત્રકારો માટે પાસ દ્વારા મીડિયા સુવિધા કરવામાં આવી હતી. પંચે દિલ્હી, જમ્મુ અને ઉધમપુરમાં વિવિધ રાહત શિબિરોમાં રહેતા કાશ્મીરી સ્થળાંતર મતદારોને નિર્ધારિત વિશેષ મતદાન મથકો પર વ્યક્તિગત રીતે મતદાન કરવાનો અથવા પોસ્ટલ બેલેટનો ઉપયોગ કરવાનો વિકલ્પ પણ ઉપલબ્ધ કરાવ્યો છે. જમ્મુમાં ૨૧, ઉધમપુરમાં ૧ અને દિલ્હીમાં ૪ વિશેષ મતદાન મથકોની સ્થાપના કરવામાં આવીહતી. પરપ્રાંતિય મતદારોએ ખાસ મતદાન મથકો પર મતદાન કર્યું જીફઈઈની પ્રવૃત્તિઓના ભાગરૂપે મતદાર જાગૃતિને પ્રોત્સાહન આપવા માટે આયોજિત, સાતત્યપૂર્ણ અને લક્ષિત હસ્તક્ષેપોએ મતદાતાઓના મતદાનમાં નોંધપાત્ર વધારો કરવામાં ફાળો આપ્યો છે.

# લોકસભા ચૂંટણી ૨૦૨૪: ચોથા તબક્કામાં ૬૨.૩૦% થી વધુનું મતદાન થયું




નવી દિલ્હી,તા. ૧૩

લોકસભા ચૂંટણી ૨૦૨૪ના ચોથા તબક્કા માટે મતદાન પૂર્ણ થયું છે. સોમવારે સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા યોજવામાં આવી હતી. ચોથા તબક્કામાં ૧૦ રાજ્યોની ૯૬ બેઠકો પર મતદાન થશે. આ તબક્કા દરમિયાન ૧ લાખ ૯૨ હજાર મતદાન મથકો પર ૧૭.૭ કરોડ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે અને ૧૭૧૭ ઉમેદવારોમાંથી તેમની પસંદગીના પ્રતિનિધિની પસંદગી કરશે. કુલ મતદારોમાંથી ૮.૯૭ કરોડ પુરુષ અને ૮.૭૩ કરોડ મહિલા મતદારો છે. કુલ ૧૭.૭ કરોડ મતદારોમાંથી ૧૨.૪૯ લાખ ૮૫ વર્ષથી વધુ ઉંમરના છે.

- ચોથા તબક્કામાં આંધ્રપ્રદેશની ૨૫, મહારાષ્ટ્રની ૧૧, તેલંગણાની ૧૭, મધ્યપ્રદેશની ૮, ઉત્તર પ્રદેશની ૧૩, પશ્ચિમ બંગાળની ૮, બિહારની ૫, ઝારખંડની ૪, ઓરિસ્સાની ૪ અને જમ્મુ-કાશ્મીરની ૧ બેઠક માટે મતદાન થવાનું છે.
- પશ્ચિમ બંગાળમાં ચોથા તબક્કાનું મતદાન થઈ રહ્યું છે. ભાજપ અને બર્ધમાન-દુર્ગાપુર લોકસભા બેઠકના ઉમેદવાર દિલીપ ઘોષ અને તૃણમૂલ કોંગ્રેસ અને બર્ધમાન-દુર્ગાપુર લોકસભા બેઠકના ઉમેદવાર કિર્તી આઝાદે બર્ધમાન મતદાન મથક ખાતે એકબીજાને ભેટ્યાં હતા.
- કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડીએ તેલંગણાના બરકતપુરામાં મતદાન કર્યું હતું.
- મધ્યપ્રદેશના મુખ્ય મંત્રી મોહન યાદવે મતદાન કરી સૌને કિંમતી મત આપવા અપીલ કરી છે. તેમજ ભાજપ બહુમતી સાથે જીતશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.
- મધ્યપ્રદેશના મંત્રી અને ભાજપના ઉમેદવાર કૈલાશ વિજયવર્ગીયે ઈન્દોરમાં મતદાન કર્યું હતું.
- ઉત્તર પ્રદેશના મંત્રી સુરેશ ખન્નાએ સહજાનપુરમાં મતદાન કર્યું હતું.
- ઉત્તર પ્રદેશમાં મંત્રી જીતીન પ્રસાદે સહજાનપુરમાં મત આપ્યો છે.
- ઉત્તારપ્રદેશના ભાજપ ઉમેદવાર અને ઉન્નાઓ બેઠકથી ઊભા રહેલા સાક્ષી મહારાજે મતદાન કર્યું હતું.
- બિહારમાં ઉત્તર-પશ્ચિમ દિલ્હી લોકસભા બેઠકના કોંગ્રેસના ઉમેદવાર કન્હૈયા કુમારે બેગુસરાયમાં મતદાન કર્યું હતું.
- આંધ્રપ્રદેશના મુખ્ય મંત્રી વાય એસ જગન રેડ્ડીએ કડાપા બેઠકથી જયમહાલ આંગણવાડીમાં મતદાન કર્યું હતું.
- હૈદરાબાદમાં પૂર્વ રાષ્ટ્રપતિ એમ વેંકયા નાયડુ અને તેમના ધર્મપત્ની ઉષા નાયડુએ જ્યુબિલી હીલ્સ ખાતે મતદાન કર્યું હતું.
- હૈદરાબાદ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર માધવી લતાએ અમૃતા વિધ્યાલયમ કેન્દ્ર પર મતદાન કર્યું હતું.
- આંધપ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ ગૂંટુરમાં મતદાન કર્યું હતું.
- આંધ્રપ્રદેશમાં જન સેના પાર્ટીના અધ્યક્ષ અને અભિનેતા પવન કલ્યાણે મંગલાગીરીમાં મતદાન કર્યું હતું.
- તેલંગણામાં એ આઈએમઆઈએમ ના ઉમેદવાર અસૌદીન ઓવેસીએ હૈદરાબાદમાં મતદાન કર્યું હતું.
- તેલંગાણાના મુખ્ય મંત્રી રેવંત રેડ્ડીએ મહબૂબનગરમાં મતદાન કર્યું હતું.
- તેલંગાણાના ભૂતપૂર્વ મુખ્યમંત્રી બી આર એસ ના વડા કે. ચંદ્રશોખર રાઓએ સિદ્દીપેટમાં મતદાન કર્યું હતું.
- ઝારખંડના મુખ્ય મંત્રી ચંપાઈ સોરેને સરાઈખકેલા ખર્સવાનમાં મતદાન કર્યું હતું.
- મહારાષ્ટ્રના બીડ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર પંકજા મુંડેએ બીડમાં મત આપ્યો હતો.
- કેન્દ્રીય મંત્રી અને ભાજપના ઉમેદવાર રાઓસાહેબ પાટીલ દાનવે મહારાષ્ટ્રના જાલનામાં મતદાન કર્યું હતું.
- ફિલ્મ ડાયરેક્ટર એસ. રાજામૌલીએ હૈદરાબાદમાં પરિવાર સાથે મતદાન કર્યું હતું. તેમણે મતદાન કરવાની અપીલ કરી હતી.
- હૈદરાબાદમાં ફિલ્મ અભિનેતા ચિરંજીવીએ પરિવાર સાથે મતદાન કર્યું હતું.
- તેલંગણામાં સુપરસ્ટાર અભિનેતા જૂનિયર એનટીઆરે હૈદરાબાદના જ્યુબિલી હીલ્સ ખાતે મતદાન કર્યું હતું.
- તેલંગણામાં ઓસ્કાર વિજેતા સંગીતકાર અને પદ્મશ્રી એમ એમ કિરીવાનીએ જ્યુબિલી હીલ્સ ખાતે મતદાન કર્યું હતું.
- તમિલનાડુના ફેમસ એક્ટર અલ્લુ અર્જુને હૈદરાબાદમાં મતદાન કર્યું હતું.

ચોથા તબક્કામાં સાંજે ૫ વાગ્યા સુધી ૬૨.૩૧ ટકા મતદાન થયું હતું. તેમાંથી મોટાભાગના પશ્ચિમ બંગાળમાં છે. જ્યારે, જમ્મુ-કાશ્મીરના મતદારોમાં સૌથી વધુ શિથિલતા જોવા મળી છે. સાંજના પાંચ વાગ્યા સુધીમાં જમ્મુ કાશ્મીરમાં ૩૫.૭૫ ટકા જ મતદાન નોંધાયું હતું.

હૈદરાબાદ લોકસભા મતવિસ્તારના ભાજપના ઉમેદવાર માધવી લતા વિરુદ્ધ મલકપેટ પોલીસ સ્ટેશનમાં આઈપીસી અને લોક પ્રતિનિધિત્વ કાયદા હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. મતદાન કેન્દ્ર પર મુસ્લિમ મહિલાઓના બુરખા હટાવીને, તેમના આઈડી કાર્ડની તપાસ કરતી માધવી લતા જોવામાં આવતા વિવાદ વધ્યો હતો. ત્યારબાદ તેની સામે પોલીસ કેસ નોંધવામાં આવ્યો.

ઓડિશામાં યોજાનારી વિધાનસભા ચૂંટણી અને લોકસભા ચૂંટણીના ચોથા તબક્કા અંગે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું હતું કે, "હું લોકોને અપીલ કરીશ કે પરિવર્તન માટે મોટી સંખ્યામાં મતદાન કરે. ઓડિશામાં ભારે પરિવર્તનનું વાતાવરણ સર્જાયું છે. છેલ્લા ૨૪ વર્ષમાં અહીં રાજ્ય સરકારની નિષ્ફળતાને કારણે લોકોમાં રોષ છે. આ વખતે ઓડિશામાં સત્તા પરિવર્તન થશે. અમને સ્પષ્ટ છે કે ઓડિશામાં ભાજપ સરકાર સત્તામાં આવશે.

પશ્ચિમ બંગાળના દુર્ગાપુરમાં ભાજપ અને ટીએમસી કાર્યકર્તાઓ વચ્ચે ઘર્ષણ થયું હતું. દરમિયાન ટીએમસી નેતા રામ પ્રસાદ હલ્દરે આરોપ લગાવ્યો કે સવારે ૬ વાગ્યાથી જ ભાજપના લોકો કેન્દ્રીય દળો સાથે આવીને મતદારોને પ્રભાવિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. અમે તેનો વિરોધ કર્યો, મતદારોએ પણ તેનો વિરોધ કર્યો. તેઓ બહારથી પોલિંગ એજન્ટ લાવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

અહીં વિસ્તારના લોકો તેનો વિરોધ કરી રહ્યા છે. તે જ સમયે, બીજેપી ધારાસભ્ય લક્ષ્મણ ઘોરઈનું કહેવું છે કે ટીએમસીના ગુંડાઓએ વારંવાર અમારા પોલિંગ એજન્ટોને દુર્ગાપુરની ટીએન સ્કૂલ સ્થિત પોલિંગ બૂથમાંથી ભગાડી દીધા. બૂથ નંબર ૨૨ પરથી અલ્પના મુખર્જી, બૂથ નંબર ૮૩માંથી સોમનાથ મંડલ અને બૂથ નંબર ૮૨માંથી રાહુલ સાહનીને વારંવાર બહાર ફેંકવામાં આવ્યા હતા.

## માળીયાહાટીના ગામના એક યુવાનનું જામનગરમાં પીપર ગામના તળાવમાં ડૂબી જતાં મોત


જામનગર, તા. ૧૩



જામનગર જિલ્લાના કાલાવડ પંથકમાં આવેલી એક ફૂડ પ્રોસેસ કંપનીમાં કામ કરી રહેલા સાત જેટલા કર્મચારીઓ રવિવારની રજાના દિવસે પીપર ગામની સીમમાં આવેલા એક તળાવમાં નાહવા પડ્યા હતા જ્યાં ડૂબી જવાના કારણે જુનાગઢ જિલ્લાના માળીયાહાટીના ગામના એક યુવાનનું મૃત્યુ નીપજ્યું છે. તેની સાથે ન્હાવા પડેલા અન્ય મિત્રોએ બચાવવાના અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ બચાવી શકયા ન હતા. આ કરુણ બનાવની વાત કરીએ તો મૂળ જુનાગઢ જિલ્લાના માળિયા હાટીના ગામના વતની અને કાલાવડના નીકાવા નજીક આવેલી એક ફૂડ પ્રોસેસિંગ કંપનીમાં રહીને મજૂરી કામ કરતો દેવ કરસનભાઈ ભરડા નામનો ૧૯ વર્ષનો યુવાન ગઈકાલે રવિવારની રજા હોવાથી પોતાની સાથે કામ કરતા અને રૂમ પાર્ટનર રહેતા સાત જેટલા મિત્રોની સાથે કાલાવડ તાલુકાના પીપર ગામની સિમમાં આવેલા કરસનકુઈ નામના તળાવમાં નાહવા માટે ગયા હતા, જયાં તમામ મિત્રો સ્નાન કરી રહ્યા હતા, તે દરમિયાન દેવ એકાએક ઊંડા પાણીમાં ડૂબવા લાગ્યો હતો. અન્ય મિત્રોએ તેને બચાવવા માટેના અનેક પ્રયત્નો કર્યા હતા, પરંતુ દેવનું ઊંડા પાણીમાં ગરકાવ થઈ જવાના કારણે કરુણ મૃત્યુ નીપજ્યું હતું. તેથી અન્ય મિત્રોએ બુમાબુમ કરી મૂકી હતી. સમગ્ર બનાવ અંગે મૃતક દેવની સાથે જ કામ કરી રહેલા પરેશ જીવાભાઈ વાસણ નામના અન્ય એક યુવાને કાલાવડ ગ્રામ્ય પોલીસને જાણ કરતાં પોલીસ હેડ કોન્સ્ટેબલ વાય.પી. ગોહિલ બનાવના સ્થળે દોડી ગયા હતા, અને તળાવમાંથી દેવ કરસનભાઈ ભરડાના મૃતદેહ ને બહાર કઢાવ્યો હતો અને પોસ્ટ મોર્ટમ સહિતની કાર્યવાહી હાથ ધરી હતી. આ બનાવને લઈને મૃતકના પરિવારમાં ભારે શોકનું મોજુ ફરી વળ્યું છે.

## ઈપીએફઓએ દાવાની પતાવટના ઓટો-મોડ માટેની મર્યાદામાં વધારો કર્યો

### ઈપીએફઓએ 'ઇઝ ઓફ લિવિંગ'નો વિસ્તાર કર્યો: દાવાની પતાવટ માટે સર્વિસ ડિલિવરીનો સમય ઘટાડ્યો




**ઇપીએફઓએ શિક્ષણ, લગ્ન અને આવાસ માટે ઓટો ક્લેમ સેટલમેન્ટ રજૂ કર્યું**

શ્રી અનિરુદ્ધ પ્રસાદે તા.૦૯.૦૫.૨૦૨૪ના રોજ પેરા ૬૮જે હેઠળ માંદગી માટે એડવાન્સ માટે અરજી કરી હતી. ૧૧-૫-૨૦૨૪ના રોજ ૦૩ દિવસમાં ૯૨૧૪૩/-ની રકમ માટે તેમના આગોતરા દાવાનો નીવેડો કરવામાં આવ્યો હતો. ઈપીએફઓમાં શ્રી અનિરુદ્ધ પ્રસાદ જેવી ઘણી વાર્તાઓ છે. પોતાનાં કરોડો સભ્યો માટે જીવન જીવવાની સરળતા વધારવા માટે ઈપીએફઓએ હવે શિક્ષણ અને લગ્ન અને આવાસનાં ઉદ્દેશ માટે એડવાન્સ ક્લેઈમની ઓટો-મોડ પતાવટ પ્રસ્તુત કરી છે. ઈપીએફઓએ ઓટો ક્લેમ સોલ્યુશન રજૂ કર્યું છે જેમાં આઈટી સિસ્ટમ દ્વારા કોઈપણ માનવ હસ્તક્ષેપ વિના દાવાની આપમેળે પ્રક્રિયા કરવામાં આવે છે. દાવાની પતાવટનો સ્વતઃ મોડ એપ્રિલ, ૨૦૨૦ માં બીમારી માટે એડવાન્સ રકમના હેતુ માટે રજૂ કરવામાં આવ્યો હતો. હવે તેની મર્યાદા વધારીને રૂ. ૧,૦૦,૦૦૦/- કરવામાં આવી છે. ચાલુ વર્ષ દરમિયાન અંદાજે ૨.૨૫ કરોડ સભ્યોને આ સુવિધાનો લાભ મળવાની અપેક્ષા છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન, ઈપીએફઓએ લગભગ ૪.૪૫ કરોડ દાવાઓની પતાવટ કરી હતી, જેમાંથી ૬૦% (૨.૮૪ કરોડ) દાવાઓ એડવાન્સ દાવા હતા. વર્ષ દરમિયાન કુલ આગોતરા દાવાઓની પતાવટ કરવામાં આવી હતી, જેમાંથી આશરે ૮૯.૫૨ લાખ દાવાઓની પતાવટ ઓટો-મોડનો ઉપયોગ કરીને કરવામાં આવી હતી.

"જીવન જીવવાની સરળતા"ની સુવિધા માટે ઓટો ક્લેઈમ સોલ્યુશનને હવે ઈપીએફ સ્કીમ, ૧૯૫૨ના પેરા ૬૮કે (શિક્ષણ અને લગ્નનો હેતુ) અને ૬૮બી (આવાસ હેતુ) હેઠળ તમામ દાવાઓ માટે વિસ્તૃત કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આ મર્યાદા અગાઉના રૂ. ૫૦,૦૦૦/-થી વધારીને રૂ. ૧,૦૦,૦૦૦/- કરવામાં આવી છે. આ પગલાથી લાખો ઈપીએફઓ સભ્યોને ફાયદો થવાની અપેક્ષા છે. ઓટો-સેટલમેન્ટમાં સમગ્ર પ્રક્રિયા આઈટી સિસ્ટમ સંચાલિત છે, જે માનવ હસ્તક્ષેપને દૂર કરે છે. કેવાયસી, પાત્રતા અને બેંક માન્યતા સાથેના કોઈપણ દાવાની આઈટી ટૂલ્સ દ્વારા ચુકવણી માટે આપમેળે પ્રક્રિયા કરવામાં આવે છે. આના પરિણામે, આવી પ્રગતિ માટે દાવાની પતાવટનો સમયગાળો ૧૦ દિવસથી ઘટીને ૩-૪ દિવસની અંદર કરવામાં આવે છે. સિસ્ટમ દ્વારા માન્ય ન હોય તેવા દાવાને પરત કરવામાં આવતા નથી અથવા નકારી કાઢવામાં આવતા નથી. તેઓ આગળ, તપાસ અને મંજૂરીઓના બીજા સ્તર માટે હાથ ધરવામાં આવે છે. આવાસ, લગ્ન અને શિક્ષણના હેતુઓ તેમજ વૃદ્ધિના ઓટો દાવાઓના અવકાશના વિસ્તરણથી ઘણા સભ્યોને શક્ય તેટલા ટૂંકા ગાળામાં તેમના ભંડોળનો લાભ લેવામાં સીધી મદદ મળશે, જે તેમને તેમના શિક્ષણ, લગ્ન અથવા આવાસની જરૂરિયાતોને તાત્કાલિક પૂર્ણ કરવામાં નોંધપાત્ર સહાય કરશે. તેને ૬ મે ૨૦૨૪ ના રોજ સમગ્ર ભારતમાં લોન્ચ કરવામાં આવ્યું હતું અને ત્યારથી **EPFO** એ આ ઝડપી સેવા વિતરણ પહેલ દ્વારા રૂ. ૪૫.૯૫ કરોડમાં ૧૩,૦૧૧ કેસોને મંજૂરી આપી છે.

## રામચરિતમાનસ, પંચતંત્ર અને સહૃદયાલોકા-લોકાના 'યુનેસ્કોની મેમરી ઓફ ધ વર્લ્ડ એશિયા-પેસિફિક રિજનલ રજિસ્ટર'માં પ્રવેશે છે




રામચરિતમાનસ, પંચતંત્ર અને સહૃદયાલોક-લોકાનાનો 'યુનેસ્કોની મેમરી ઓફ ધ વર્લ્ડ એશિયા-પેસિફિક રિજનલ રજિસ્ટર'માં સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમાવેશ ભારત માટે ગર્વની ક્ષણ છે, જે દેશના સમૃદ્ધ સાહિત્યિક વારસા અને સાંસ્કૃતિક વારસાની પુષ્ટિ છે. તે વૈશ્વિક સાંસ્કૃતિક જાળવણીના પ્રયાસોમાં એક પગલું આગળ વધવાનો સંકેત આપે છે, જે આપણી સહિયારી માનવતાને આકાર આપતા વિવિધ વર્ણનો અને કલાત્મક અભિવ્યક્તિઓને ઓળખવા અને તેનું રક્ષણ કરવાના મહત્વ પર પ્રકાશ પાડે છે. આ સાહિત્યિક શ્રેષ્ઠ કૃતિઓનું સન્માન કરીને, સમાજ માત્ર તેમના સર્જકોની સર્જનાત્મક પ્રતિભાને અંજલિ જ નથી આપતો, પરંતુ એ પણ સુનિશ્ચિત કરે છે કે તેમનું અગાધ ડહાપણ અને કાલાતીત ઉપદેશો ભાવિ પેઢીઓને પ્રેરણા અને પ્રકાશિત કરવાનું ચાલુ રાખે છે. 'રામચરિતમાનસ', 'પંચતંત્ર' અને 'સહૃદયાલોક-લોકાન' એવી કાલાતીત કૃતિઓ છે જેણે ભારતીય સાહિત્ય અને સંસ્કૃતિ પર ઊંડી અસર કરી છે અને રાષ્ટ્રની નૈતિક તાણાવાણા અને કલાત્મક અભિવ્યક્તિઓને આકાર આપ્યો છે. આ સાહિત્યિક કૃતિઓ સમય અને સ્થળને ઓળંગી ગઈ છે, જેણે ભારતની અંદર અને બહારના વાચકો અને કલાકારો પર અમિટ છાપ છોડી છે. નોંધનીય છે કે 'સહૃદયલોક-લોકાના', 'પંચતંત્ર' અને 'રામચરિતમાનસ' ની રચના અનુક્રમે આચાર્ય આનંદવર્ધન, પંડિત વિષ્ણુ શર્મા અને ગોસ્વામી તુલસીદાસ દ્વારા કરવામાં આવી હતી. ઈન્દિરા ગાંધી નેશનલ સેન્ટર ફોર ધ આર્ટસ (IGNCA), એશિયા એન્ડ ધ પેસિફિક (MOWCAP)ની મેમોરી ઓફ વર્લ્ડ કમિટી (MOWCAP)ની ૧૦મી બેઠક દરમિયાન ઐતિહાસિક ક્ષણને સુરક્ષિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. ઉલાનબાતારમાં મેળાવડામાં, સભ્ય દેશોના ૩૮ પ્રતિનિધિઓ ૪૦ નિરીક્ષકો અને નામાંકિતોની સાથે બોલાવવામાં આવ્યા હતા. ત્રણ ભારતીય નામાંકનોની હિમાયત કરતાં, **IGNCA એ 'UNESCO's Memory of the World Asia-Pacific Regional Register'** માં તેમનું સ્થાન સુનિશ્ચિત કર્યું. આઈ.જી.એન.સી.એ.ના કલા નિધિ વિભાગના ડીન (વહીવટ) અને વિભાગના વડા પ્રોફેસર રમેશચંદ્ર ગૌરે ભારતની આ ત્રણ એન્ટ્રીઓ સફળતાપૂર્વક પ્રસ્તુત કરી હતીઃ ધ રામચરિતમાનસ, પંચતંત્ર અને સહૃદયાલોક-લોકાના. પ્રો. ગૌરે ઉલ્લાનબતાર સંમેલનમાં નામાંકનનો અસરકારક રીતે બચાવ કર્યો હતો. આ સિમાચિહ્ન આઈજીએનસીએ (IGNCA)ની ભારતનાં સાંસ્કૃતિક વારસાને જાળવવા અને પ્રોત્સાહન આપવાનાં સમર્પણને વધારે છે, જે વૈશ્વિક સાંસ્કૃતિક જાળવણી પ્રત્યેની પ્રતિબદ્ધતાની પુનઃપુષ્ટિ કરે છે અને ભારતનાં સાહિત્યિક વારસાને આગળ વધારશે. આઈજીએનસીએએ ૨૦૦૮માં તેની શરૂઆતથી પ્રાદેશિક રજિસ્ટરમાં પ્રથમ વખત નામાંકન રજૂ કર્યું છે. રજીસ્ટર સબકમિટી (આરએસસી) તરફથી સખત વિચારવિમર્શમાંથી પસાર થયા બાદ અને ત્યારબાદ સભ્ય રાષ્ટ્રના પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવેલા મતદાન બાદ, ત્રણેય નામાંકનોમાં સમાવેશ કરવામાં આવ્યો હતો, જેથી ૨૦૦૮માં રજિસ્ટરની શરૂઆત પહેલાની નોંધપાત્ર ભારતીય એન્ટ્રીઓ ચિહ્નિત થઈ હતી.

• Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. • Printed At :-Captial Offset 801/1, G.i.d.c.,Sector-28 Gandhinagar, Gujarat- 382028 • Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028